ગાંધીનગર સમાચાર

પ્રચંડ ગરમીમાં કેરી-ડુંગળી 'લુ'નો શ્રેષ્ઠ ઉપચાર

## @ગાંધીનગર

● કડવા પાટીદાર સમાજ દ્વારા શુક્રવારના રોજ શ્રી ઉમિયા માતાજીનો ૧૩મો પાટોત્સવ નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે નવચંડી યજ્ઞ, ૧૧.૩૦ કલાકે યજમાનો દ્વારા પૂજન, બપોરે ૧૨.૩૯ કલાકે ધ્વજારોહણ તથા સાંજે ૫.૦૦ કલાકે શ્રીફળ હોમવાનો કાર્યક્રમ સહિતના તમામ ધાર્મિક કાર્યક્રમો સે-૧૨, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ખાતે યોજાશે.

# આ ગધેડો ખરેખર 'ગધેડો' નથી...!!

**સે-૬માં આનંદમેળામાં આવેલ ગંગારામ નામનો ગધેડો તમામ સવાલોના આશ્ચર્યજનક જવાબો આપી દર્શકોને હેરત પમાડી રહ્યો છે : વર્ષ ૨૦૦૪ના મધ્યપ્રદેશના તાલ ખાતેના સૌથી મોટા પશુમેળામાં 'સૌથી બુધ્ધિશાળી પ્રાણી'નો એવોર્ડ જીતી ચુકયો છે**

ગાંધીનગર, તા.૧૯

તમને કોઈ પુછે કે આ અજાણ્યા ટોળામાંથી સૌથી વધુ માર્ક લાવનાર બાળક ઓળખી બતાવો કે એવી વ્યકિત ઓળખી બતાવો જે પોતાની પત્નિનો પડયો બોલ ઝીલે છે તો શું થાય? તદ્દન અજાણ્યા માણસો વચ્ચેથી તમારે જો સરકારી નોકરી કરનાર કે સૌથી વધુ સામાજિક જવાબદાર વ્યકિત શોધવાની હોય અથવા કયુ બાળક ભવિષ્યમાં મોટા થઈને માબાપની સેવા કરશે કે પછી મંત્રી બનશે તો કરી શકો ખરા? ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસથી આ પ્રકારના સવાલોના સચોટ જવાબ આપે છે એક ગધેડો જેનું નામ છે ગંગારામ. સેકટર-૬ના કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ પર ચાલી રહેલ આનંદનગરીમાં ગંગારામ નામનો એક ગધેડો ચિત્ર વિચિત્ર સવાલોના મૂંગા મોંઢે જવાબ આપી દર્શકોને મનોરંજન સાથે હેરત પમાડી રહ્યો છે.

ખૂબ જ આશ્ચર્યની વાત કહી શકાય તે રીતે એક સાત વર્ષનો ગધેડો જેની ચતુરાઈ જોઈ તેને ગધેડો કહેવાનું મન ના થાય તેવી કમાલ દર્શાવી રહ્યો છે. તેના માલિક નરેશ પાંડેએ તેને એક વર્ષનો હતો ત્યારથી ખરીદી સઘન તાલીમ આપવાનું ચાલુ કર્યુ હતું. કચ્છી જાતિનો આ ગધેડો એટલો પ્રવિણ થઈ ગયો છે કે મધ્યપ્રદેશના ઈન્દૌર પાસેના તાલ ખાતે યોજાતા ભારતના સૌથી મોટા પશુમેળામાં ૨૦૦૪માં સૌથી બુધ્ધિશાળી પ્રાણીનો ખિતાબ પણ



જીતી આવ્યો છે. મૂળ પાટણના નરેશભાઈએ તેને માણસની ભાષા સમજતા અને ગંધ દ્વારા વ્યકિત ઓળખવાની તાલીમ આપી છે. તેના પ્રતાપે તે હિન્દી ઉપરાંત ગુજરાતી ભાષા પણ સમજે છે. તેને નાના બાળકની જેમ સતત ૨૪ કલાક સાથે રહી રંગ ઓળખવાથી ચાલુ કરીને જયોતિષ વિદ્યા સુધીની તાલીમ આપ્યાનો નરેશભાઈ દાવો કરી રહ્યા છે. નરેશભાઈ ૩૫ વર્ષથી આ વ્યવસાયમાં છે અને અગાઉ પણ બે ગધેડા, એક ખિસકોલી ઉપરાંત કૂતરા, ઘોડા અને હાથીને અલગ અલગ પ્રકારની તાલીમ આપી ચુકયા છે. તેઓ કહે છે કે ગંગારામ સાતમ-આઠમના મેળામાં તો દિવસના ૨૦-૨૫ શૉ આરામથી કરી લે છે પરંતુ જયારે બે ત્રણ સવાલના જવાબ જો ખોટા પડી જાય તો સમજી જવાનું કે કાં તેનો મૂડ નથી અથવા તે બિમાર છે એટલે તુરંત આરામ આપી ડૉકટર પાસે લઈ જાઉં છું.

વેકેશનનો આનંદ માણવા બાલનગરીમાં આવતા સહેલાણી પરિવારોને ગંગારામની અદભૂત તર્ક શકિતથી આશ્ચર્ય સાથે રમૂજ પણ થાય છે. ઘણા બધા દર્શકો આ ગધેડાએ આપેલા જવાબો યથાર્થ હોવાની ટાપશી પૂરે છે તો ઘણા તો તેના જયોતિષને લગતા જવાબોને ગંભીરતાથી લે છે. ગંગારામના માલિક નરેશભાઈ પાંડે તો રાજયના એક પૂર્વ મંત્રી પણ જયારે તેઓ રાજકારણમાં નહોતા પ્રવેશ્યા ત્યારે ગંગારામે તેમના મંત્રી બનવાની આગાહી કરી હતી અને જે સાચી પડી છે તેવો દાવો કરી રહ્યાં છે.

## વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલમાં એકસરે વિભાગમાં બે દર્દીઓ વચ્ચે તકરાર સર્જાતા હોબાળો થવા પામ્યો હતો. એકસરે કઢાવવા આવેલ એક યુવતિને એકસરે કઢાવવા આવેલા એક યુવકનો હાથ વાગી જતા યુવતિએ યુવકને થપ્પડ ઝીંકી દીધી હતી જેના પ્રતાપે સમગ્ર મામલો ગરમાયો હતો.

● અસહ્ય ગરમીમાં લાઈટો ગુલ થાય તો કેવી પરિસ્થિતિ થાય તે પૂછો સે-૮ અને વાવોલના રીહશોને. વીજ ડીપીમાં ખામી સર્જાવાને કારણે સે-૮-બીમાં ગોકુલ સોસાયટી આસપાસના વિસ્તારમાં સવારથી સાંજ સુધી અને વાવોલમાં બપોરના સુમારે અડધા કલાક માટે વિજળી વેરણ થતા નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા હતા.

## ગુજરાત એકસ.એમ.એલ.એ. કાઉન્સિલ દ્વારા કોર ગૃપની કમિટી રચાઈ

ગાંધીનગર, તા.૧૯

આજ રોજ ગુજરાત એકસ એમ.એલ.એ. કાઉન્સિલની ૨૦મી જનરલ બોડીની મિટીંગ યોજાઈ હતી. જેમાં ગુજરાતના માજી ધારાસભ્યોનો દેશના અન્ય રાજયોની હરોળમાં માન, મોભો અને સન્માન જળવાય તે માટે સરકારશ્રીમાં પાર્ટી સંગઠન તેમજ વિપક્ષો સાથે ચર્ચા માટે એક કોર ગ્રુપની કમિટીની રચના કરવામાં આવી હતી.આ કમિટીમાં શંકરલાલ ગુરુ, વાડીભાઈ પટેલ, દિલીપભાઈ સંઘાણી, કરસનદાસ સોનેરી, જયસિંહ ચૌહાણ, મણિભાઈ ગાંધી, લીલાબેન ત્રિવેદી, વાલજીભાઈ દનીચા, કાળુભાઈ વિરાણી, અમૃતભાઈ પટેલ, પોપટલાલ પટેલ, શંકરભાઈ વારલી, મહેશભાઈ મકવાણા, ગુમાનસિંહ વાઘેલા, પુષ્પદાન ગઢવી, બાબુભાઈ મેઘજી શાહ, સોમજીભાઈ ડામોર, જશોદાબેન પરમાર, રાજશીભાઈ જોટવા, હરીભાઈ ડોડીયા, ધીરુભાઈ દૂધવાળા, દલસુખભાઈ પ્રજાપતિ અને મોહનભાઈ લાલભાઈ પટેલ સહિતના સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. આ કમિટીની પ્રથમ સભા આગામી તા. ૭મી જૂનને મંગળવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે સરકારશ્રીમાં રજુઆત કરવાના કામે મળશે.

## સેવાના કામો કરતી જુનિયર સિટીઝન કાઉન્સીલનો ૧૭માં વર્ષમાં પ્રવેશ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તી કરતી સંસ્થાઓ કાર્યરત છે. જુનિયર સિટીઝન કાઉન્સીલે તા. ૧૯મી મેના રોજ સોળ વર્ષ પૂર્ણ કરી સત્તરમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. જે બદલ આજ દીન સુધી સંસ્થાને મદદરૂપ થનાર દાતાશ્રીઓ, કાર્યકરો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ડોકટરો, પોલીસ અધિકારીઓ, સિવિલ હોસ્પિટલના કર્મચારીઓ, પત્રકાર મિત્રો, સંસ્થાના તમામ હોદ્દેદારોનો પણ સંસ્થા દ્વારા આભાર વ્યકત કરાયો છે.

ગાંધીનગર શહેર તેમજ આજુબાજુના ગામડાઓમાં સેવાઓ પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરવાના હેતુથી વર્ષ ૨૦૦૦ની ૧૯મી મે ના રોજ સંસ્થાની શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં ફકત ગણતરીના કાર્યકરો સાથે મળીને સેવાના અભિગમ સાથે જુસીકાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સંસ્થા દ્વારા બિનવારસી લાશની અંતિમવિધિ, ચક્ષુદાન, દેહદાન પ્રવૃત્તિ, રકતદાન શિબિરનું આયોજન, એમ્બ્યુલન્સ તથા શબવાહિની સેવા, કુદરતી આફતમાં રાહત કામગીરી સહિતની અનેક સેવાઓ કરવામાં આવે છે.

## અસહ્ય ગરમીને લીધે ઈસનપુર મોટા ગામની મહિલાનું મૃત્યુ

શહેરમાં સતત પડી રહેલી વિક્રમી ગરમીને લીધે પશુ-પંખી સહિત માનવજીવન પર તેની માઠી અસર થઈ રહી છે. કાળઝાળ ગરમીને પગલે લુ લાગવાના અને ગરમીના લીધે મૃત્યુના બનાવો બની રહ્યા છે. ત્યારે આજે ગાંધીનગર પાસેના ઈસનપુર મોટા ગામે મહિલાનું ગરમીને લીધે સારવાર દરમિયાન મોત થવા પામ્યું હતું.

ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો છેલ્લા ૪ દિવસથી સતત ઉપર જ જઈ રહ્યો છે દિવસેને દિવસે આક્રમક બનતી ગરમી એ શહેરીજનોના હાલ બેહાલ કરી નાખ્યા છે. ભયંકર ગરમીને પગલે ઝાડા, ઉલ્ટી, પેટમાં દુખાવો, માથુ-પગ દુખવા અને બ્રેનસ્ટ્રોક થવાના કેસોમાં પણ વિક્રમી વધારો થઈ રહ્યો છે. બીજી તરફ ગરમીના લીધે મૃત્યુ આંક પણ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર પાસેના ઈસનપુર મોટા ગામની ૪૫ વર્ષીય મહિલા ગીતાબેન ઈશ્વરભાઈ રબારી ગરમીને લીધે બેભાન થઈ જતા તુરંત ગાંધીનગર સિવિલમાં લાવવામાં આવ્યા હતા જયાં તેણીનું સારવાર દરમિયાન મોત થવા પામ્યું હતું.

## સે-૧૪ શ્રી જય અંબે મંદિરનો નવમો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

જય અંબે પરિવાર દ્વારા આગામી તા. ૨૧મી મેને શનિવારના રોજ સેકટર-૧૪ સ્થિત શ્રી જય અંબે મંદિરના નવમા પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. નવમા પાટોત્સવ નિમિત્તે સેકટર-૧૪, શ્રી જય અંબે મંદિર ખાતે ધાર્મિક પ્રસંગોમાં સવારે ૭.૪૫ કલાકે ધજા આરોહણ, સવારે ૮.૦૦ કલાકે મહાયજ્ઞ પ્રારંભ કરવામાં આવશે ત્યારબાદ સવારે ૧૧.૩૦ કલાકે શ્રીફળ હોમવાનો કાર્યક્રમ યોજાશે તેમજ ૧૧.૪૫ કલાકે પૂર્ણાહૂતિનો કાર્યક્રમ કરવામાં આવશે. આ ઉપરાંત રાત્રે ૮.૩૦ કલાકે માતાજીના ભજનો તેમજ આનંદના ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ચીમનભાઈ વિઝુંડા, કનુભાઈ વાઘેલા, પુષ્પાબેન પરમાર, મમતાબેન દેસાઈ, રમેશભાઈ પરમાર, પ્રદિપસિંહ વાઘેલા અને કરૂણાશંકર નાગર તેમજ સંસ્થાના સભ્યો અને અગ્રણીઓ હાજર રહેશે.

# હેપ્પી યુથ કલબ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની હેપ્પી યુથ કલબ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા જુનિયર સિટિઝન કાઉન્સિલના સહયોગથી સેકટર-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હેપ્પી યુથ કલબ દ્વારા શહેરના જાણીતા જીવદયા પ્રેમી નરેન્દ્ર રાવલના સહયોગથી પક્ષી પરબનું પણ વિતરણ કર્યું હતું.

રકતદાન કેમ્પમાં રકતદાતાઓને પ્રોત્સાહન આપવા વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ ઉપરાંત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી હિતેશભાઈ રાવલ, જુસિકાના અગ્રણી જીલુભા ધાંધલ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજન અગ્રણી આશાબેન સરવૈયા, યુથ હોસ્ટેલના ચીફ વોર્ડન રજનીકાંત સુથાર, બેંક ઓફ ઈન્ડિયાની સે-૧૬ શાખાના મેનજેર બિમલ ગઢવાડા, ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાત ઉપરાંત ભાજપના અગ્રણી મહિલા કાર્યકરો રસીલાબેન રાજ રેડક્રોસના જિજ્ઞેશભાઈ રાવલ અને દર્શનાબેન ઠાકર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુથ હોસ્ટેલ દ્વારા સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્રની પુસ્તિકાનું વિતરણ પણ કર્યુ હતું. રકતદાન કેમ્પમાં બીબીએ કોલેજની વિદ્યાર્થીનીઓ ફાલ્ગુની તથા ખુશ્બુએ રકતદાતાઓની સરળતા માટે ફોર્મ ભરવા વગેરેની સેવાઓ આપી હતી. રકતદાન કેમ્પમાં રકત એકત્ર કરવાની જવાબદારી ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ટીમે ઉઠાવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા હેપ્પી યુથ કલબના સંયોજક સમીર રામી તથા કોષાધ્યક્ષ ભાવના રામી સહિત કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.




# બીબીએના વિદ્યાર્થીઓ જીવન વીમાની કામગીરી શીખશે

ગાંધીનગર, તા.૧૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશનનાં (બીબીએ) વિદ્યાર્થીઓ ભારતની પ્રતિષ્ઠિત જાહેર ક્ષેત્રની વીમા કંપની જે ખુબ લાંબા સમયથી વીમા ક્ષેત્રે નામના ધરાવે છે તેમજ દેશની સૌથી જૂની વીમા કંપનીઓ માંની એક છે. આવી પ્રતિષ્ઠિત વીમા કંપનીમાં બીબીએ નાં વિદ્યાર્થીઓને એક મહિનાની તાલીમ મેળવવા પસંદગી પામ્યા છે. જે બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓ માટે ગૌરવની બાબત છે

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ કોલેજનાં તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓ માટે સમર ઈન્ટેન્શીપ ચાલી રહી છે. જેમાં વિદ્યાર્થીઓ બેંકિંગ ક્ષેત્ર, ઈન્શ્યોરન્સ ક્ષેત્ર, ઓટોમોબાઈલ ક્ષેત્ર, ફાઈનાન્શિયલ તેમજ નોન-ફાઈનાન્શિયલ ક્ષેત્ર, મલ્ટીનેશનલ તેમજ નેશનલ કંપનીઓમાં પ્રાયોગિક તાલીમ મેળવી રહ્યા છે.

એલ.આઈ.સી. ગાંધીનગરનાં ડેવલોપમેન્ટ ઓફિસર મનોજભાઈ પાત્રાએ વિદ્યાર્થીઓને વીમા ક્ષેત્રનું તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું તેમજ વીમા ક્ષેત્રની વિવિધ યોજનાઓ બાબતે માહિતગાર કર્યા હતા જેથી તેઓ નાગરિકોને

**જાહેર ક્ષેત્રની કંપની એલઆઈસીમાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓનું સમર ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ**

વીમા બાબતે જાગૃત કરી શકે તેમજ એક મહિનાની તાલીમ સરળતાથી પૂર્ણ કરી શકે. હાલ સમગ્ર દેશમાં વીમાક્ષેત્ર કારકિર્દીનાં ઘડતર માટે એક શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે ત્યારે બીબીએનાં વિદ્યાર્થીઓ એક મહિનાની તાલીમ દરમ્યાન વીમા ક્ષેત્રનાં તમામ પાસાઓથી અવગત થશે. જેથી તેઓનો અભ્યાસ પૂર્ણ થયા બાદ તેઓ બેંકિંગ તેમજ વીમા ક્ષેત્ર માં પોતાની ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરી શકશે. વિદ્યાર્થીઓ તેઓનાં અભ્યાસક્રમમાં બેંકિંગ તેમજ ફાઈનાન્સનાં વિષયોનો અભ્યાસ કરે છે. પરંતુ તેઓએ કરેલ અભ્યાસને જયાં સુધી પ્રેક્ટીકલ અમલીકરણનો અનુભવ નહિ મળે ત્યાં સુધી તેઓ વ્યવસાયિક ક્ષેત્રે સફળ નહિ થઈ શકે. આથી કોલેજ તેઓને અભ્યાસની સાથે-સાથે વિવિધ ક્ષેત્રે પ્રાયોગિક તાલીમ માટે તૈયાર કરે છે. સાંપ્રત સમયમાં ફકત પુસ્તકિયું જ્ઞાન નહિ પણ જે વિદ્યાર્થી પાસે સ્કીલ હશે તે ઝડપથી પ્રગતી કરી શકશે. પસંદગી પામેલ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તેઓને આ એક મહિનાની તાલીમ દરમ્યાન વર્ગખંડમાં મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરી પ્રાયોગિક કાર્યને સરળ બનાવશે તેમજ અભ્યાસની સાથે સાથે આવી પ્રતિષ્ઠિત વીમા કંપનીમાં તાલીમ મેળવવાનો મોકો મળ્યો તે ગૌરવ ની વાત છે.

કોલેજ તરફથી ઈન્ટેન્શીપને સફળ બનાવવા આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીનાં માર્ગદર્શન હેઠળ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો.આશિષ ભુવા તેમજ ધર્મેન્દ્ર રાઠોડે ખૂબ જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગર જિલ્લાની વિદ્યાલક્ષ્મી બોન્ડ ધારક વિદ્યાર્થીનીઓ જોગ

ગાંધીનગર જિલ્લાની ૩૫ ટકાથી ઓછી સ્ત્રી સાક્ષરતા વાળા ગામો તેમજ ગરીબી રેખા હેઠળની આવક જૂથમાં આવતા કુટુંબોની કન્યાઓને વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતા. ઉકત બોન્ડની મુદત પુરી થઈ ગઈ હોવાથી લાભાર્થીઓને બોન્ડની ચુકવણી કરવાની પ્રક્રિયા જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવી રહી છે.

જે બોન્ડ ધારક વિદ્યાર્થીનીઓ પૈકી જેમણે વર્ષ ૨૦૧૦-૧૧ થી વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ધોરણ-૧૦ પાસ કર્યુંહોય અને હજુ સુધી બોન્ડની રકમ મેળવેલ ન હોય તેમણે કે તેમના વાલીઓએ ધો-૧૦ પાસ કર્યાના પ્રમાણપત્રો/માર્કશીટ, શાળાના આચાર્યશ્રીનું એસ.એસ.સી. પાસ કરેલ છે તે મુજબનું શાળાના લેટરપેડ પરનું પ્રમાણપત્ર, બેન્ક ખાતાની સ્પષ્ટ વંચાય તેવી પાસબુકના પ્રથમ પાનાની નકલના આધારો સહિત દિન-૨૧માં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં કચેરીના સમય દરમિયાન રજૂઆત કરી બોન્ડની રકમ મેળવી લેવી. નિયત સમયમર્યાદામાં અધિકૃત આધાર-પુરાવા સહિત દાવો કરવામાં નહી આવે તો બોન્ડની રકમ સરકારશ્રીમાં જમા કરાવી દેવામાં આવશે. ત્યારબાદ આ બાબતે કોઈનો હક્ક-દાવો રહેશે નહી, તેવું જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.એસ. બારડે જણાવ્યું છે.

# પ્રચંડ ગરમીમાં કેરી-ડુંગળી 'લુ'નો શ્રેષ્ઠ ઉપચાર

**કાચી કેરી અને ડુંગળી શરીરના તાપમાનને જાળવી રાખવા મહત્વનો ભાગ ભજવે છે સાથે તબીબી સારવાર પણ એટલી જ જરૂરી**

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં અગનજવાળા જેવી ગરમીએ હાહાકાર મચાવી દીધો છે. ગરમીના દસ વર્ષના રેકોર્ડ તુટી ગયા છે અને અનેક લોકો હીટ વેવ (લુ) લાગવાથી મોતને ભેટયા છે ત્યારે લુ સામે રક્ષાત્મક પગલાંની તકેદારી એ સૌની વ્યકિતગત જવાબદારી બની છે. જેમાં હાલ લુ સામે શ્રેષ્ઠ દેશી ઉપચાર તરીકે કેરી-ડુંગળીના કચુંબરનો મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે. કેરી અને ડુંગળી એ ગરમીમાં શરીરના તાપમાનને જાળવી રાખે છે જેથી લુ લાગતી નથી અને તાવ અને શરીર જડકાઈ જવા જેવા રોગો સામે રક્ષણ પ્રાપ્ત થાય છે.

કુદરતના વિકરાળ સ્વરૂપનો પરચો હાલ ગુજરાતમાં દેખાઈ રહ્યો છે. પ્રચંડ ગરમી એ જનજીવનને રીતસર બાનમાં લઈ લીધું છે. ભઠ્ઠામાં શેકાતા હોય તેવી ગરમીએ લોકો નાસીપાસ થવા લાગ્યા છે ત્યારે અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળતાં જ લુ લાગવાના બનાવો બનવા લાગ્યા છે. જેમાં અત્યાર સુધી લગભગ છ લોકોના મોત થયાના સમાચાર છે. કુદરતી સ્ત્રોતોના દુરપયોગથી ઉદભવેલી સ્થિતિ સામે મનુષ્ય લાચાર બની ગયો છે જેમાં આ લુ સામે રક્ષણ મેળવવા દેશી ઉપચાર શ્રેષ્ઠ પુરવાર થઈ રહ્યા છે. જો કે તબીબી સલાહ



અનિવાર્ય હોવાથી તબીબી સારવાર સાથે આ ઉપચાર કરવો હિતાવહ ગણાઈ રહ્યો છે.

શરીરમાં ૩૭ ડિગ્રી સેલ્સીયસ તાપમાન હોય છે. જેમાં શરીરના તમામ અંગો સારી રીતે અને સરળતાથી કામ કરતા હોય છે. પરંતુ આ તાપમાનમાં ફેરફાર થાય એટલે લુના લક્ષણ વર્તાતા હોય છે. તાવ, ઝાડા-ઉલ્ટી, માથુ દુઃખવું, શરીર જકડાઈ જવું જેવી ફરિયાદો ઉભી થતી હોય છે. જો કે ઉનાળામાં પ્રાપ્ત કાચી કેરી અને ડુંગળી સૌથી વધારે જો ખાવામાં આવે તો લુ સામે રક્ષણ મળી શકે છે. દેશી અને હાથવગા ઉપચાર તરીકે ગણાતા આ પ્રયોગમાં કેરી અને ડુંગળીનુ કચુંબર બનાવી ભોજન સાથે લેવાથી શરીરના તાપમાનને જાળવી રાખે છે અને લુ લાગતી નથી. ગ્રામ્ય વિસ્તારોમાં આ દેશી પધ્ધતી ખુબ જ અસરકારક સાબિત થઈ છે છતાં પણ શરીર સંબંધી તમામ બિમારી માટે તબીબી સલાહ ખુબ જ જરૂરી છે. કાળઝાળ ગરમીમાં શરીરની કાળજી રાખવા તમામ પ્રયત્નો કરવા જોઈએ જે હાલ આવશ્યક બન્યું છે.

## સે-૨૪માં એકસેસ અને સાયકલની ચોરી

શહેરના સે-૨૪ સ્થિત સહયોગ એપાર્ટમેન્ટ પાસે રાત્રિના સમયે કોઈ અજાણ્ય ઈસમો ટુ વ્હીલર એકસેસ અને સાયકલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સે-૨૪માં સહયોગ એપાર્ટમેન્ટ પાસે બ્લોક નં. ૨૮/૩૩૪ આગળ પાર્ક કરેલ એકસેસ નં. જીજે ૧૮-સીએફ ૭૪૪૪ અને હિરો સાયકલ મળી બે વાહનની ચોરી કરી કોઈ ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. આ ચોરી મામલ સવારે વાહન માલિકને જાણ થતા તુરંત સે-૨૧ પોલીસમાં જાણ કરી હતી. પોલીસે રાકેશ જયંતિ મોદીની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. સેન પ્રાચીબેન સેવંતિકુમાર, ઉ.વ.૨૧
- સ્વ. વાઘેલા કાનાજી રામાજી , ઉ.વ.૭૨
- સ્વ. સોલંકી દિવાબેન મફાભાઈ, ઉ.વ.૬૫
- સ્વ. ખમાર મધુકાન્તાબેન હિરાલાલ, ઉ.વ.૮૪
- સ્વ. રાઠોડ ગજરાબેન રઘુનાથ, ઉ.વ.૬૮
- સ્વ. પટેલ દશરથભાઈ શામળભાઈ, ઉ.વ.૬૪
- સ્વ. રબારી જલાબેન વરવાભાઈ, ઉ.વ.૯૦